# BUSINESS મિત્ર

# શેરબજારમાં સતત બીજા સપ્તાહે શાનદાર ઉછાળો

**આઇટી** શેરોની આગેવાની હેઠળના વેચવાલી વચ્ચે ઓઇલના ભાવોમાં ઘટાડો અને એફઆઇઆઇનો પ્રવાહ વધતા બજારમાં જોશ વધ્યો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

અમદાવાદ, તા. 20: ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો, મીડલ ઈસ્ટમાં સકારાત્મક વિકાસને પગલે વિદેશી ભંડોળના પ્રવાહમાં સુધારો અને રૂપિયામાં વધારો થવાને કારણે ભારતીય શેરબજાર સતત બીજા સપ્તાહે વધ્યો હતો. ડીઆઈઆઈના સતત સમર્થનથી પણ સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો. જોકે, એક્સેન્ચરના નબળા આવકના માર્ગદર્શન અને વૈશ્વિક તકનીકી ખર્ચ અંગેની ચિંતાઓને કારણે સપ્તાહના અંતિમ દિવસે આઈટી શેરોમાં ભારે વેચવાલી હોવા છતાં બજાર પોઝિટિવ બંધ રહ્યા હતા. જોકે, હજુય અનિશ્ચિતતા વાદળો ઘેરાયેલા છે, જેના પરિણામે આવનારા સમયમાં બજારોમાં વધઘટ ચાલુ રહેવાની સંભાવના છે.

બીએસઈ સેન્સેક્સ 1274.95 પોઈન્ટ એટલે કે 1.68 ટકા વધીને 76803.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે નિફ્ટી 390.20 પોઈન્ટ એટલે કે 1.65 ટકા વધીને 24013.52 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સમાં ભારત ડાયનેમિક્સ, જીઈ વર્નોવા ટીડી ઈનડિયા, કલ્યાણ જ્વેલર્સ, નાયક, યસ બેન્ક, આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની સામેલ છે. જોકે, કોલગેટ પામોલીવ, એક્સાઈડ ઈન્ડ., ફોર્ટીસ હેલ્થકેર, એનએમડીસી, ઈન્ડસ ટાવર, સેઈલને નુકશાન થયું છે.

નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ 3.2 ટકાનો વધારો થયો છે. રેડિંગ્ટન, ફાઈવસ્ટાર બિઝનેસ ફાઈ., પીજી ઈલેક્ટ્રોપ્લાસ્ટ, ફિઝિક્સવાલા, સ્ટાર હેલ્થ, સીડીએસએલ, કેફિન ટેક્નોલોજી, નેટવેબ ટેક્નો ઈન્ડિયા, આઈડીબીઆઈ બેન્ક 10થી 19 ટકા વધ્યા હતા, જ્યારે ઓલા ઈલે., એથર એનર્જી, કોહાન્સ લાઈફસાયન્સીસ, મેગ્લોર રિફાઈનરી ઘટી હતી.

આ દરમ્યાન અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો સપ્તાહમાં 95.11ની તુલનામાં 78 પૈસા ઘટીને 94.33ના સ્તરે મજબૂત રહ્યો હતો.

આ દરમ્યાન એફઆઈઆઈમાં ખરીદીનો માહોલ શરૂ થયો છે. જે બજારને સમર્થન આપ્યું હતું. લાંબા સમય બાદ એફઆઈઆઈ ખરીદી કરતા જોવા મળ્યા હતા. એફઆઈઆઈએ સપ્તાહ દરમ્યાન રૂ. 3386.33 કરોડના શેરો ખરીદ્યા હતા. જ્યારે ડીઆઈઆઈએ રૂ. 7107.89 કરોડની ઈક્વિટી ખરીદી હતી.

સપ્તાહ દરમ્યાન બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓના કુલ માર્કેટ કેપ રૂ. 15.53 લાખ કરોડનો વધારો થયો છે. માર્કેટ વેલ્યુના હિસાબે ટોપ ગેઈનર્સમાં ભારતી એરટેલ ટોપ પર રહી છે. ત્યારબાદ બજાજ ફાઈનાન્સ, ટ્રેન્ટ, રિલાયન્સનો સમાવેશ થાય છે. બીજી તરફ, આઈટી હેવીવેઈટસ ઈન્ફોસીસ, ટીસીએસ, કોટક મહિન્દ્રા બેન્કના માર્કેટ કેપમાં ધોવાણ જોવા મળ્યું હતું. સેકટર વાઈઝ જોઈએ તો નિફ્ટી આઈટી ઈન્ડેક્સને બાદ કરતા તમામ સેકટરો વધ્યા હતા. નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 1.3 ટકા ઘટ્યા હતા, જ્યારે નિફ્ટી ડિફેન્સ ઈન્ડેક્સ 6.5 ટકા, નિફ્ટી કન્ઝયુમર ડ્યુરબેલ્સ ઈન્ડેક્સ 6.4 ટકા, નિફ્ટી રિયલ્ટી 5.5 ટકા, નિફ્ટી કેપિટલ માર્કેટ 4.2 ટકા વધ્યો હતો.

# લેટ ફી એ એક પ્રકારનો દંડ જ છે અને તેથી લેટ ફી ઉપરાંત કલમ 125 હઠળનો સામાન્ય દંડ ન લાગે

**નામદાર મદ્રાસ હાઇકોર્ટનો અગત્યનો ચૂકાદો**

**કાયદાની કેડીએ...**

**ઈશ્વર રૂદલાલ**

GSTના અમલીકરણની શરૂઆતમાં ઘણા નોંધાયેલ વ્યક્તિઓ દ્વારા વાર્ષિક પત્રક સમયસર ભરવામાં આવેલ ન હતા. આથી વાર્ષિક પત્રકો ભરવામાં થયેલ ઢીલ માટે જો મુકરર સમયમર્યાદામાં પત્રકો ભરવામાં આવે તો લેટ ફી માં રાહત આપતા નોટિફીકેશનો બહાર પાડવામાં આવેલ. લેટ ફી એ એક પ્રકારનો દંડ જ છે અને તેથી લેટ ફી ઉપરાંત કલમ 125 હેઠલનો સામાન્ય દંડ ન લાગે તેમજ વાર્ષિક પત્રક નોટિફીકેશનમાં વાર્ષિક પત્રક ભરવા માટેની નિયત સમયમર્યાદા પહેલાં તે પત્રકો ભરેલ હોય તેઓને પણ લેટ ફીમાં રાહતનો લાભ મળે એવો અગત્યનો ચૂકાદો નામદાર મદ્રાસ હાઇકોર્ટ આપેલ છે. ખેર ! ના.મદ્રાસ હાઇકોર્ટના મે. કુંદન હાર્ડવર માર્ટ વિ. આસીસ્ટન્ટ કમિશ્નર, ચેન્નાઇ/ રીટ પીટીશનનાં 27029/2023ના તા. 2-1-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.

**નોટીફીકેશનો....**

નોટીફીકેશન નં. 7/2023-સેન્ટ્રલટેક્ષ તા. 31-3-23 તેમજ નોટીફીકેશન નં. 25/2023 સેન્ટ્રલ ટેક્ષ તા. 17-7-23 આ બંને નોટીફીકેશનના આધારે વર્ષ 2017-18, 2018-19, 2019-20, 2020-21 અને 2021-22ના વાર્ષિક પત્રકો તા. 1-4-23થી તા. 31-8-23 સુધીમાં ભરવામાં આવે તો મહત્તમ રૂા. 10,000ની લેટ ફી લાગે તે પ્રકારની રાહત આપવામાં આવેલ.

**હકીકત...**

ના. હાઇકોર્ટ સમક્ષ અનેક નોંધાયેલ વ્યક્તિઓ દ્વારા રિટ-પીટીશનો ફાઇલ કરવામાં આવેલ. અરજીદારો વતી રજૂઆત કરવામાં આવેલ કે એક વખત પત્રક થોડું ભરવા બદલ લેટ ફી લાગ્યા પછી તે જ ભૂલ માટે કલમ 125 હેઠળ સામાન્ય દંડની જોગવાઇ હેઠળ દંડ લાગે નહીં. વળી તેઓએ વાર્ષિક પત્રકો મોડા પણ નોટીફીકેશમાં નિર્દીષ્ટ સમયમર્યાદા પહેલાં ભરેલ હોય તો તેમને પણ નોટીફીકેશનનો લાભ મળવાપાત્ર છે.

**ચૂકાદો...**

ના.હાઇકોર્ટ વિસ્તૃત ચર્ચા કરીને એવા નિષ્કર્ષ પર આવેલ કે લેટ ફી ડિફોલ્ટ થવા પર લાદવામાં આવેલ દંડ જેવી જ છે અને ના.હાઇકોર્ટ ઠરાવ્યું કે વાર્ષિક પત્રકો મોડા ભરવા બદલ લેટ ફી લાગ્યા બાદ કલમ 125 હેઠળ દંડ લાગી શકાય નહીં. નોટીફીકેશન દ્વારા લેટ ફીમાં રાહત આપવામાં આવેલ હોય તેવા કેસોમાં દંડ લાદી ન શકાય.

કોર્ટના મત મુજબ જે વ્યક્તિઓએ પત્રકો મોડા ભર્યા છે પરંતુ નોટીફીકેશનો બહાર પાડ્યા પહેલાં પત્રકો ભરેલ છે તેઓને નોટીફીકેશનનો લાભ ન આપવામાં આવે તો તેઓ સામે અન્યાય કર્યો ગણાય.

કોર્ટના મતે જો તેમને લાભ ન આપવામાં આવે તો તેમની સાથે ભેદભાવપૂર્ણ-હોસ્ટાઇલ-વ્યવહાર કરેલ ગણાય અને તેથી ટેક્ષ એડમીનીસ્ટ્રેશન પર અવિશ્વાસ ઊભો થશે અને તે બંધારણના આર્ટીકલ 14નો ભંગ 14નો ભંગ કરશે. આમ હાઇકોર્ટે ઠરાવ્યું કે જેઓએ કાયદાની જોગવાઇથી મોડા પણ લેટ ફી આપતું નોટીફીકેશન બહાર પાડ્યા પહેલાં પત્રકો ભરેલ હોય તેઓને નોટીફીકેશન હેઠળની લેટ ફીની રાહત મળવાપાત્ર છે.

**યુદ્ધ વિરામના લાંબા ગાળાનું ટકાઉપણું અનિશ્ચિત છે: જેફરીઝ**

# યુએસ - ઈરાન કરારથી વૈશ્વિક બજારમાં તેજી: શું આ શાંતિ ટકશે?

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

અમદાવાદ, તા. 20: અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ વિરામ કરારના અહેવાલો બહાર આવ્યા પછી વૈશ્વિક બજારોમાં સપ્તાહ દરમ્યાન તેજી આવી હતી. જે વ્યાપક મીડલ ઈસ્ટના સંઘર્ષની આશંકાને હળવી કરે છે અને ક્રુડ ઓઈલના ભાવમાં તીવ્ર ઘટાડો કરે છે. જોકે, જેફરીઝના અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે સોદો ટકી શકે છે કે કેમ તે અંગે અનિશ્ચિતતા છે. બીજી તરફ, ઈઝરાયેલના હુમલા ચાલુ રહેવાના કારણે આ કરાર ફરીથી રદબાતલ થઈ જાય તો નવાઈ નહીં. જેફરીઝના નિષ્ણાત ક્રિસ્ટોફર વુડના કહેવા મુજબ, આ કરાર ઈરાનને મોટી છુટછાટો આપે છે, જેમાં અબજો ડોલરની સંપત્તિ અને 60 દિવસની વાટાઘાટોના સમયગાળા દરમિયાન પ્રતિબંધોમાં રાહતની સંભાવનાનો સમાવેશ થાય છે. અહેવાલમાં દલીલ કરવામાં આવી છે કે જો આ વ્યવસ્થા અમલમાં મુકવામાં આવે છે, તો તે ઈરાન પ્રત્યેની યુએસ નીતિમાં પરિવર્તનનું પ્રતિનિધિત્વ કરશે અને મીડલ ઈસ્ટમાં વોશિંગ્ટનની પરંપરાગત સ્થિતિને નબળી પાડવાનો સંકેત આપી શકે છે.

આ યુદ્ધવિરામ ટ્રમ્પ માટે રાજકીય રીતે સંવેદનશીલ ક્ષણે આવ્યો હોવાના અહેવાલ છે. જેફરીઝ તાજેતરના ઓપિનિયન પોલ્સ તરફ ધ્યાન દોરે છે, જે વહીવટ પ્રત્યે, ખાસ કરીને આર્થિક વ્યવસ્થાપન પર લોકોનો વધતો અસંતોષ દર્શાવે છે. ટ્રમ્પની અસ્વીકાર રેટિંગ 60 ટકાને વટાવી ગઇ છે. જે પુર્વ રાષ્ટ્રપતિ રિચાર્ડ નિકસનના વહીવટના અંતિમ મહિનાઓ દરમ્યાન જોવા મળેલા સ્તરની નજીક પહોંચે છે.

જોકે, આ કરારના અહેવાલના પગલે વૈશ્વિક બજારોમાં તેજીનો પવન ફુંકાવાનું શરૂ થઈ ગયું છે. અમેરિકાના ઈક્વિટીએ એવી અપેક્ષાએ આગળ વધ્યા હતા કે ઉર્જાના નીચા ભાવથી ફુગાવાનું દબાણ હળવું થશે અને વૈશ્વિક વૃદ્ધિને ટેકો મળશે.

# યુએસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'ડ્યુરેશન ઓફ સ્ટેટસ' નિયમમાં ફેરફાર

**વ્હાઇટ** હાઉસની નવા ઇમિગ્રેશન પ્રસ્તાવને મંજૂરી; હવે અનિશ્ચિત સમયના બદલે મળશે માત્ર ૪ વર્ષની નિશ્ચિત વિઝા અવધિ

વોશિંગ્ટન, તા. 20 : વ્હાઇટ હાઉસે એક મહત્ત્વપૂર્ણ ઇમિગ્રેશન નિયમનને મંજૂરી આપી દીધી છે, જે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ યુનાઇટેડ સ્ટેટ્સમાં કેવી રીતે રહે છે અને અભ્યાસ કરે છે તેમાં મોટો ફેરફાર લાવી શકે છે, જે સંભવિતપણે લાખો ભારતીય વિદ્યાર્થીઓને અસર કરી શકે છે.

ઓફિસ ઓફ મેનેજમેન્ટ એન્ડ બજેટ (ઓએમબી)એ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી (ડીએચએસ)ના એ પ્રસ્તાવની સમીક્ષા પૂર્ણ કરી લીધી છે જે લાંબા સમયથી ચાલી આવતી "ડ્યુરેશન ઓફ સ્ટેટસ" (ડી/એસ) સિસ્ટમને બદલીને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ, એક્સચેન્જ વિઝિટર્સ અને અન્ય ચોક્કસ વિઝાધારકો માટે નિશ્ચિત પ્રવેશ અવધિ લાગુ કરશે.

આ નિયમ આ વર્ષના અંતમાં અમલમાં આવતા પહેલા ફેડરલ રજિસ્ટરમાં પ્રકાશિત થાય તેવી અપેક્ષા છે.

# જિયો પ્લેટફોર્મના આઈપીઓથી ગુગલ અને ફેસબુકને પણ કમાણી થશે

**જિયો** પ્લેટફોર્મ્સ આઇપીઓથી મુકેશ અંબાણી રૂ. 27500 કરોડનું દેવું સાફ કરી દેશે

મુંબઇ, તા. 20: રિલાયન્સ ઈન્ડ.ની ડિજિટલ શાખા જિયો પ્લેટફોર્મ્સ, રિલાયન્સ ઈન્ડ.ની ડિજિટલ શાખા, ભારત અને એશિયાના સૌથી ધનિક અબજોપતિ, રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીએ ડીઆરએચપી ફાઈલ કર્યો છે. કંપનીનો આ આઈપીઓ ભારતના ઈતિહાસમાં સૌથી મોટો આઈપીઓ બની શકે છે. આ ઈશ્યુથી અંદાજે રૂ. 37700 કરોડ એકત્ર કરાશે.

ડ્રાફ્ટ દસ્તાવેજો અનુસાર જિયો પ્લેટફોર્મ્સ 27 કરોડ નવા ઈક્વિટી શેર જારી કરશે. જે કંપનીની પોસ્ટ ઈશ્યુ ઈક્વિટી મુડીના આશરે 2.9 ટકા હશે. મહત્વની બાબત એ છે કે આ ફ્રેશ ઈશ્યુ રહેશે.

જોકે, રિલાયન્સમાં વિશ્વની બે મોટી ટેક કંપનીઓએ રોકાણ કર્યુ છે. એક ગુગલ અને બીજો જિયોમાં ફેસબુક અને ગુગલનો હિસ્સો છે.

જો આ બંને કંપનીઓ જિયોમાં પોતાનો હિસ્સો વેચે છે તો તેમને ઘણી કમાણી થશે. જિયો પ્લેટફોર્મ્સમાં રિલાયન્સનો હિસ્સો 66થી 67 ટકાની વચ્ચે છે. આ સિવાય ઘણા વૈશ્વિક રોકાણકારોએ વર્ષ 2020માં જિયોમાં મોટું રોકાણ કર્યુ હતું. આઈપીઓથી મળનારી રકમનું રિલાયન્સ જિયો ઈન્ફોકોમ લિ.ના દેવા ઘટાડવામાં કરવામાં આવશે. કંપનીને રૂ. 27500 કરોડનું દેવું છે. જ્યારે બાકીની રકમ સામાન્ય વ્યવસાયની જરૂરિયાતો પર ખર્ચાશે. જિયો પ્લેટફોર્મ્સમાં મેટાનો 9.99 ટકા હિસ્સો છે, જેઓએ રૂ. 43574 કરોડનું રોકાણ કર્યુ છે. જ્યારે ગુગલ પાસે 7.73 ટકા હિસ્સો છે. જેઓએ રૂ. 33737 કરોડનું રોકાણ કર્યુ હતું. આઈપીઓ બાદ કંપનીની વેલ્યુએશન વધી જશે તો બંને મલ્ટીનેશનલ કંપનીઓને મોટી કમાણી થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, જિયોમાં મેટા અને ગુગલ સિવાય સિલ્વર લેક, વિસ્ટા ઈક્વિટી પાર્ટનર્સ, જનરલ એટલાન્ટીક, કેકેઆર, મુબાદલા, એડીઆઈએ, ટીપીજી, એલ કેટરટન, પીઆઈએફ, ઈન્ટેલ કેપિટલ અને કવાલકોમ વેન્ચર્ચ જેવા મોટા વૈશ્વિક રોકાણકારોએ રોકાણ કર્યુ છે.

# એક અઠવાડિયામાં ક્રૂડ ઓઈલના ભાવમાં 8%નો ઘટાડો

**એક** વર્ષમાં ક્રૂડ ઓઇલના ભાવ 60થી 65 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચવાની ધારણા

**શું** ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ સસ્તા થશે?

મુંબઈ, તા. 20 : આંતરરાષ્ટ્રીય સ્તરે વીતેલા સપ્તાહમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આશરે ૮%નો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. બ્રેન્ટ ક્રૂડ ઘટીને પ્રતિ બેરલ ૮૦.૫૭ ડોલર અને યુએસ ક્રૂડ ૭૭.૫૪ ડોલરની સપાટી પર બંધ થયું છે. આ ઘટાડા પાછળ મુખ્યત્વે ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચેનો યુદ્ધવિરામ તેમજ ઈરાન અને અમેરિકા વચ્ચે થયેલો ડિજિટલ સમજૂતી કરાર જવાબદાર છે. નિષ્ણાતોના મતે, આ કરારથી ઈરાન પરના અમેરિકી પ્રતિબંધો હટશે અને બજારમાં અટવાયેલું ૮૫ મિલિયન બેરલથી વધુ તેલ મુક્ત થતાં વૈશ્વિક પુરવઠો વધશે. આગામી છ થી બાર મહિનામાં તેલના ભાવ વધુ ઘટીને ૬૦ થી ૬૫ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચવાની ધારણા છે. મે મહિનામાં વૈશ્વિક સ્તરે ભાવ વધવાને કારણે ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૭ થી ૮ ટકાનો વધારો થયો હતો. હવે પ્રશ્ન એ છે કે શું આ આંતરરાષ્ટ્રીય ઘટાડાથી ભારતમાં ઈંધણ સસ્તું થશે? હાલમાં ક્રૂડના ભાવ ઘટવા છતાં સામાન્ય જનતાને તાત્કાલિક રાહત મળવાની સંભાવના ઓછી છે. તેનું મુખ્ય કારણ એ છે કે અગાઉ ક્રૂડના ઊંચા ભાવને લીધે દેશની તેલ કંપનીઓને રોજનું ૧,૦૦૦ થી ૧,૫૦૦ કરોડ રૂપિયાનું મોટું નુકસાન થઈ રહ્યું હતું.

# બિટકોઈન આઠ મહિનામાં રેકોર્ડ ઊંચાઈથી ૫૦% ગગડ્યો

**મીડલ** ઇસ્ટ તણાવથી જોખમી સંપત્તિમાંથી નાણા પાછા ખેંચવાનું શરૂ થયું હતું

નવી દિલ્હી, તા. 20: ક્રિપ્ટો કરન્સીમાં હજુય પણ અશાંતિમાં છે. માર્કેટ કેપ દ્વારા વિશ્વની સૌથી મોટી ક્રિપ્ટો બિટકોઈન રેકોર્ડ ઉંચાઈએથી લગભગ 50 ટકા નીચે સરકી ગયો છે. બાકીની ક્રિપ્ટોની સ્થિતિ પણ સારી નથી અ મોટા ભાગના ક્રિપ્ટો તેમની ઉંચાઈએથી નીચે સરક્યા હતા.

બિટકોઈનની વાત કરીએ તો 7 ઓક્ટોબર, 2025ના રોજ 1.26 લાખ ડોલરની રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચ્યા પછી લગભગ આઠ મહિનામાં તે લગભગ 50 ટકા ઘટીને 64 બજાર ડોલરની નીચે આવી ગયું હતું. એટલું જ નહીં, આ મહિને તેણે 60 હજાર ડોલરના માનસિક સ્તરને પણ તોડી નાંખ્યું છે, જે છેલ્લા દોડ વર્ષનો રેકોર્ડ નીચો છે. યુએસ ટ્રમ્પની ક્રિપ્ટો તરફી નીતિઓએ બિટકોઈન સહતિની અન્ય ક્રિપ્ટો કરન્સીની ચમક વધારી હતી અને સંસ્થાકીય રોકાણકારોએ ઘણા નાણા રેડ્યા હતા. જોકે, ટેરિફ યુદ્ધ અને ઈરાન સાથેના અમેરિકાના યુદ્ધ રોકાણકારોને ડરાવી દીધા હતા અને તેઓએ ક્રિપ્ટો જેવી જોખમી સંપત્તિમાંથી નાણા ખેંચવાનું શરૂ કર્યુ હતું અને સલામત સંપત્તિમાં નાણા મુકવાનું શરૂ કર્યુ હતું.

માઈકલ સાયલરે વર્ષ 2020માં બિટકોઈનમાં તેમની કંપની સ્ટ્રેટજીની રોકડનો મોટો ગ રોકાણ કરવાનું શરૂ કર્યુ હતું અને તે પછી સ્ટ્રેટેજીએ સતત બિટકોઈન ખરીદવાનું ચાલુ રાખ્યું હતું અને તે વિશ્વની સૌથી મોટી કોર્પોરેટ બિટકોઈન હોલ્ડીંગ્સ કંપનીઓમાની એક બની હતી. જોકે, 2022 પછી પ્રથમ વખત તેના હોલ્ડીંગનો ભાગ વેચ્યો ત્યારે પ્રથમ વખત તેના હોલ્ડીંગનો ભાગ વેચ્યો ત્યારે હચલ મચી ગઇ હતી.

આ ઉપરાંત, સ્પેસએક્સે વિશ્વનો સૌથી મોટો આઈપીઓ રજૂ કર્યો છે.

# સન ફાર્મા રૂ. ૨૭૧.૨ કરોડમાં ઈનોવકેર લાઈફસાયન્સિસને ખરીદશે

નવી દિલ્હી, તા. 20: સન ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝે શનિવારે જણાવ્યું હતું કે, તે અંદાજે રૂ. ૨૭૧.૨ કરોડ (આશરે ૨૮.૭૩ મિલિયન ડોલર)ના સોદામાં ઈનોવકેર લાઈફસાયન્સિસને સંપૂર્ણપણે ખરીદી લેશે. સ્ટોક એક્સચેન્જને આપવામાં આવેલી જાણકારીમાં દવા ઉત્પાદક કંપનીએ જણાવ્યું હતું કે, તેણે ઈનોવકેર લાઈફસાયન્સિસના તમામ બાકી શેર્સ હસ્તગત કરવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. કંપની આ ડીલ ૩૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં પૂર્ણ થવાની અપેક્ષા રાખે છે.

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સ્ટાન્ડર્ડ સોનું | ૧૪૯૯૪૦ |
| તેજાબી સોનું | ૧૪૯૮૫૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૨૪૪૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૬૯૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૯૯૪૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૦૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૧૫૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

# સ્ટીલની માંગ વૃદ્ધિના આગામી મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી રહેલું ભારત

**ભારતમાં** સ્ટીલની આશરે ૬૦%-૬૫% માંગ માળખાગત સુવિધાઓ, શહેરી વિકાસ અને સરકારી પ્રોત્સાહન આધારિત ઉત્પાદન ક્ષેત્રમાંથી આવી રહી છે

મુંબઈ, તા. 20 : બે દાયકા સુધી વૈશ્વિક સ્ટીલ બજાર પર રાજ કર્યા પછી, ચીનમાં બાંધકામ ક્ષેત્રની મિશ્ર અસરોને કારણે સ્ટીલની માંગ હવે ધીમી પડી રહી છે. પરિણામે, વૈશ્વિક ખનન કંપનીઓ (જેમ કે BHP અને રિયો ટિન્ટો) અને રોકાણકારોનું ધ્યાન ભારત અને દક્ષિણપૂર્વ એશિયા તરફ કેન્દ્રિત થયું છે. ચીનના નબળા વપરાશને સરભર કરવા માટે આ દેશો આગામી સમયમાં મુખ્ય વિકાસ એન્જિન બનશે. ડેટા અનુસાર, ભારતમાં પ્રતિ વ્યક્તિ વાર્ષિક સ્ટીલનો વપરાશ માત્ર ૧૦૮ કિલો છે, જે વૈશ્વિક સરેરાશના અડધા અને ચીનના પાંચમા ભાગ કરતાં પણ ઓછો છે. આ ઓછો વપરાશ જ ભારતમાં ભવિષ્યની અસીમ સંભાવનાઓ દર્શાવે છે. ગત વર્ષે ભારતે ૧૬૫ મિલિયન ટન ક્રૂડ સ્ટીલનું ઉત્પાદન કર્યું હતું, જેને આગામી દાયકામાં અનેકગણું વધારવાનું લક્ષ્ય છે.

### દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

**ભિલામોની આડઅસર**

ભિલામો અતિ તેજ અને ફૂટી નીકળે તેવું દ્રવ્ય છે. એનાથી થયેલ સોજા પર કુંવાડીઆ ના પાનનો રસ કાઢી ચોપડવો. ખાટી અમલી નું શરબત પીવું. કોપરું ખાવું.


**દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ**

DGVCL

CIN U40102GJ2003SGC042909

Regd. & Corporate office "urja Sadan", Nana Varchha Road, Kapodra Char Rasta, Surat 395008

કાર્યપાલક ઇજનેરશ્રી ની કચેરી

કીમ ઔદ્યોગિક (સં. અને નિ.) વિભાગીય કચેરી

૨૨૦ કે.વી. પાસે શાહલોન ટેક્ષટાઇલપાર્ક સામે, કીમ માંડવી રોડ, લીન્ડીયાત, તા :-માંગરોળ, જીઃ-સુરત ૩૯૪૧૧૦

ડી.જી.વી.સી.એલ.ટોલ ફ્રી નં.૧૯૧૨૩(૧૮૦૦૨૩૩૩૦૦૩)

**વીજ પુરવઠો બંધ રહેવા બાબત.**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે ૬૬/૧૧ કેવી સબસ્ટેશન/ફીડર ની સમારકામ ની અગત્યની કામગીરી ના કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ અને સમય સુધી વીજ પુરવઠો મળી શકશે નહિ. સમારકામ ને લગતી કામગીરી પૂર્ણ થયે કોઈપણ જાતની જાણ કર્યા વગર વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે જેની નોંધ લઇ સહકાર આપવા વિનંતી છે.

| ક્રમ | સબસ્ટેશનનું નામ | ફિડરોના નામ | સબડીવીઝન નું નામ | ફોલ્ટસેન્ટર નંબર | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | ૬૬ કેવી સીવાણ | ૧૧ કેવી જય અંબે ફીડર | સાયણ | ૮૯૮૦૮૦૩૮૪૭ | ૨૨.૦૬.૨૦૨૬ / સોમવાર | ૦૯:૦૦ થી ૧૮:૦૦ |
| ૦૨ | ૬૬ કેવી પીપોદરા - ૨ | ૧૧ કેવી સોમેશ્વર ફીડર | પીપોદરા | ૮૯૮૦૮૦૩૮૫૭ | ૨૨.૦૬.૨૦૨૬ / સોમવાર | ૦૯:૦૦ થી ૧૮:૦૦ |
| ૦૩ | ૬૬ કેવી દેલાડ | ૧૧ કેવી મહેક ફીડર | સાયણ | ૮૯૮૦૮૦૩૮૪૭ | ૨૨.૦૬.૨૦૨૬ / સોમવાર | ૦૯:૦૦ થી ૧૮:૦૦ |
| ૦૪ | ૬૬ કેવી પલોદ-૧ | ૧૧ કેવી હંજર ફીડર | મોટા બોરસરા | ૯૦૯૯૦૨૯૫૪૨ | ૨૨.૦૬.૨૦૨૬ / સોમવાર | ૧૦:૦૦ થી ૧૮:૦૦ |
| ૦૫ | ૬૬ કેવી મોટા બોરસરા | ૧૧ કેવી સચેતી ફીડર | મોટા બોરસરા | ૯૦૯૯૦૨૯૫૪૨ | ૨૩.૦૬.૨૦૨૬ / મંગળવાર | ૧૦:૦૦ થી ૧૮:૦૦ |
| ૦૬ | ૬૬ કેવી વડોલી | ૧૧ કેવી કાશીબા ફીડર | કીમ | ૬૩૫૯૯૭૭૬૬૭ | ૨૩.૦૬.૨૦૨૬ / મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૦૭ | ૬૬ કેવી ઘલા કરજણ | ૧૧ કેવી વીરપોર જે જી વાઈ ફીડર | કઠોર | ૮૯૮૦૮૦૩૮૫૬ | ૨૩.૦૬.૨૦૨૬ / મંગળવાર | ૦૯:૦૦ થી ૧૮:૦૦ |
| ૦૮ | ૬૬ કેવી મોટા વરાછા | ૧૧ કેવી પી પી સવાણી ફીડર | કઠોર | ૮૯૮૦૮૦૩૮૫૬ | ૨૪.૦૬.૨૦૨૬ / બુધવાર | ૦૯:૦૦ થી ૧૮:૦૦ |
| ૦૯ | ૬૬ કેવી સીવણ | ૧૧ કેવી ઓસ્કર, બાલાજી, ગોદાવરી, ફીડરો | સાયણ | ૮૯૮૦૮૦૩૮૪૭ | ૨૪.૦૬.૨૦૨૬ / બુધવાર | ૦૯:૦૦ થી ૧૮:૦૦ |
| ૧૦ | ૬૬ કેવી પીપોદરા-૧ | ૧૧ કેવી બોલાવ જે જી વાઈ ફીડર | કીમ | ૬૩૫૯૯૭૭૬૬૭ | ૨૪.૦૬.૨૦૨૬ / બુધવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૧૧ | ૬૬ કેવી પીપોદરા-૧ | ૧૧ કેવી ઋષિકેશ ફીડર | પીપોદરા | ૮૯૮૦૮૦૩૮૫૭ | ૨૪.૦૬.૨૦૨૬ / બુધવાર | ૦૯:૦૦ થી ૧૮:૦૦ |
| ૧૨ | ૬૬ કેવી પીપોદરા-૨ | ૧૧ કેવી સાવિત્રી ફીડર | પીપોદરા | ૮૯૮૦૮૦૩૮૫૭ | ૨૪.૦૬.૨૦૨૬ / બુધવાર | ૦૯:૦૦ થી ૧૮:૦૦ |
| ૧૩ | ૬૬ કેવી પલોદ-૧ | ૧૧ કેવી મોટી નરોલી ફીડર | મોટા બોરસરા | ૯૦૯૯૦૨૯૫૪૨ | ૨૪.૦૬.૨૦૨૬ / બુધવાર | ૧૦:૦૦ થી ૧૮:૦૦ |
| ૧૪ | ૬૬ કેવી ઘલા કરજણ | ૧૧ કેવી ચોર્યાશી જે જી વાઈ ફીડર | કઠોર | ૮૯૮૦૮૦૩૮૫૬ | ૨૫.૦૬.૨૦૨૬ / ગુરૂવાર | ૦૯:૦૦ થી ૧૮:૦૦ |
| ૧૫ | ૬૬ કેવી પલોદ-૧ | ૧૧ કેવી સહજ ફીડર | મોટા બોરસરા | ૯૦૯૯૦૨૯૫૪૨ | ૨૫.૦૬.૨૦૨૬ / ગુરૂવાર | ૧૦:૦૦ થી ૧૮:૦૦ |
| ૧૬ | ૬૬ કેવી સીવાણ | ૧૧ કેવી વૈદેહી ફીડર | કીમ | ૬૩૫૯૯૭૭૬૬૭ | ૨૫.૦૬.૨૦૨૬ / ગુરૂવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૧૭ | ૬૬ કેવી દેલાડ | ૧૧ કેવી ધનલક્ષ્મી ફીડર | સાયણ | ૮૯૮૦૮૦૩૮૪૭ | ૨૬.૦૬.૨૦૨૬ / શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૮:૦૦ |
| ૧૮ | ૬૬ કેવી પીપોદરા-૨ | ૧૧ કેવી બાલાજી સાયન ફીડર | પીપોદરા | ૮૯૮૦૮૦૩૮૫૭ | ૨૭.૦૬.૨૦૨૬ / શનિવાર | ૦૯:૦૦ થી ૧૮:૦૦ |
| ૧૯ | ૬૬ કેવી વેલાંજા | ૧૧ કેવી કઠોર જે જી વાઈ ફીડરો | કઠોર | ૮૯૮૦૮૦૩૮૫૬ | ૨૭.૦૬.૨૦૨૬ / શનિવાર | ૦૯:૦૦ થી ૧૮:૦૦ |

કાર્યપાલક ઇજનેર, કીમ ઔદ્યોગિક વિભાગીય કચેરી

ઇ.એલ.સી.બી /આર.સી.સી.બી.લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.


### આજનું પંચાંગ

**તા. 21/06/2026, રવિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિઃ** સુદ : સાતમઃ 15:21, ભાનુસપ્તમી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** જેઠ: 31
**યોગ :** વ્રજ **કરણઃ** ગર
**નક્ષત્ર :** પૂ.ફા.:09:32 પછી ઊ.ફા.
**રાશિઃ** સિંહ (મ,ટ) 15:42 પછી કન્યા (પ.ઠ.ણ.)
**દિવસ :** અશુભ-દક્ષિણાનારંભ
**સુરતમાં સૂર્યોદય :** 05:59 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:21
**નવકારસી :** 06:47
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 11મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 મોહરમ માસનો 05મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
**રાહુ કાળ :** સવારેઃ- 09.30 થી 11.00 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** વિદ્યાર્થીઓને સફળતા મળે. આનંદોત્સવ ભાગ લેવાનું થાય. મનોરંજન પ્રવાસ થાય. મોજશોખના ધંધામાં આવક.

**વૃષભ (બ,વ,ઉ,):** નોકરીમાં પરિવારમાં સાથ મળે. નવા ધંધા માટે યોજના બને. બહારના કામમાં મદદ મળે. પ્રવાસ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** પ્રમોશન મળે. ધંધા - વ્યવસાયનો વિસ્તાર થાય. જીવનસાથી-ભાગીદારો સાથે તાલમેળ રહે. પ્રવાસ થાય.

**કર્ક (ડ,હ,):** શુભ સમાચાર મળે. ઘરમાં ઉત્સવ જેવું રહે. વડીલોની મદદથી નવી આર્થિક યોજના બને. આવક વધે.

**સિંહ (મ,ટ,):** કોઈના જામીન થવું નહીં. ઝઘડા કે વિવાદથી દૂર રહેવું. વાહન ધીમે હાંકવું નોકરીમાં નવી તક ઊભી થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** લેવડ-દેવડમાં ધીરજ રાખવી પડવા-વાગવાથી સાવધાન, ખર્ચા પર કાબુ નહીં રહે. અશાંતિ વધશે.

**તુલા (ર,ત,):** ઉપરવર્ગનો સાથ મળે. અચાનક આવક વધશે. સંતાન-જીવન સાથીના કામમાં મદદ મળે. મિત્રોનો સાથ.

**વૃશ્ચિક (ન,ય,):** નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. નવાકામની યોજના બને. પિતાનો સાથ મળે.ઉપરી વર્ગ સાથે ઘર્ષણ ટાળવું.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આવક વધશે. વાણી પર કાબુ રાખવો. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. બૌદ્ધિક લોકોનો સાથ મળે.ર

**મકર (ખ,જ,):** ખર્ચા વધે હરીફો સતાવે. માતાની ચિંતા રહે. આરોગ્ય નરમ રહે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** પરિવારની ચિંતા સતાવે. રોનજા કામમાં કંટાળો આવે. આવક વધારવાની યોજના બને.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઉતાવળ કરવી નહીં. ખાવા-પીવામાં સાવધાન હરીફોથી ખર્ચા પર કાબુ રાખવો.

### કોઈ પણ સાલમાં 21 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં નવી યોજના અને સરકારી નીતિ તથા ટેક્નોલોજી પ્રમાણે કામનો બોજ અને જવાબદારી વધશે. હરીફો વધે. ધંધા-વ્યવસાય, સમાજ વગેરેમાં આર્થિક બાબતે ચડતી-પડતી રહે. ઉઘરાણીની ચિંતા સતાવે આરોગ્ય સામાન્ય રહે. સમાજમાં સામાન્ય રહે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. આવક વધારવાની યોજનામાં મિત્રો-વડીલોના સાથે મળે. ઊંમર લાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. કાયદાકીય પ્રશ્નો સતાવે વિદેશનાં કામ ધીમાં પડે. વારસા, જાયદાદ જમીન બાબતે વિઘ્નો આવે. વિદ્યાર્થીઓને મદદ મળે. મહેનત ખાસ વધારવી પડશે. નવા ઘર, વાહન, મકાનમાં શરૂઆતમાં સફળતા મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. ફેબ્રુઆરી-માર્ચ નવેમ્બર - ડિસેમ્બર, ગુરુ શુક્રવાર, 3, 12, 21, 30 તારીખે નવા કામ કરતાં રહેવું. પીળો , જાંબલી, સોનેરી રંગનો ઉપયોગ કરતાંરહેવું. જૂન-જુલાઈ, બુધ - રવિવાર, 2, 11, 20, 29 તારીખે નવાં કામ ટાળવાં. લાલ રંગનો ઉપયોગ ઓછો કરવો.